ગાંધીનગર સમાચાર

# આકરૂન્દ હાઈસ્કુલમાં શિક્ષક દિવસની ઉજવણી : વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક-વહીવટીય સંચાલન

## ૧૦૦ વિદ્યાર્થીઓ આચાર્ય, સુપરવાઈઝર, લાયબ્રેરીયન, શિક્ષકની ભૂમિકામાં






બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલમાં ગુરૂવારે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી. ધો.૯ થી ૧૨ ના ૧૦૦ વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શૈક્ષણિક અને વહીવટીય સંચાલન કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. શિક્ષક દિનની ઉજવણીમાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા પ્રોત્સાહીત કરાયા હતા.

શિક્ષક બનવાનું સૌભાગ્ય સૌના કિસ્મતમાં હોતું નથી. શિક્ષક દરેક સમાજ માટે પથદર્શક બનતા હોય છે. બાળકને ભગવાનનો અવતાર ગણવામાં આવે છે અને શિક્ષકો આવા નિર્દોષ બાળકોને ભણાવતા હોય ત્યારે જરા પણ થાક વગર પ્રફુલ્લિત મને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે અથાગ પ્રયત્ન કરતા હોય છે. દર વર્ષે તા.૫ સપ્ટેમ્બરે શિક્ષક દિનની દેશભરમાં ઉજવણી થાય છે પરંતુ રવિવાર હોવાથી શાળાઓમાં ઉજવણી શક્ય ન



બનતાં શૈક્ષણિક સંકુલોમાં હવે તબક્કાવાર એક દિવસના શિક્ષક દિનની ઉજવણી શરૂ થઈ છે. આકરૂન્દ હાઈસ્કુલમાં વિદ્યાર્થીઓએ આચાર્ય સહિત શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફની ભૂમિકા ભજવી દિવસ દરમ્યાન શૈક્ષણિક, વહીવટીય અને અન્ય પ્રવૃત્તિઓનું સંચાલન કર્યું હતું. આકરૂન્દ હાઈસ્કુલમાં સંપૂર્ણ શિસ્ત સાથે શિક્ષક દિવસની ઉજવણી સંપન્ન થઈ હતી. આચાર્ય તરીકે હેત એ. પ્રજાપતિ, દિયા જી. વાળંદ, વૈદેહી એ. પટેલ, સુપરવાઈઝર શ્વેતા સુથાર, નેહા બારોટ, વેદ પટેલ, કલાર્ક દીશા એસ. પટેલ, રવિ દેસાઈ, સ્નેહા દેસાઈ અને લાયબ્રેરીયન તરીકે દેવ વાળંદ અને આશિષ ચૌધરીએ ફરજ બજાવી હતી. જયારે અન્ય વિદ્યાર્થીઓએ વિવિધ વિષયના શિક્ષક તરીકે યાદગાર ભૂમિકા ભજવી સમગ્ર શૈક્ષણિક સંકુલને ધમધમતું રાખ્યું હતું. શિક્ષક દિવસની ઉજવણીમાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય જે.ડી.ભાટી, પ્રા. વિભાગના આચાર્ય ગીતાબેન પટેલ, શિક્ષણ કો.ઓર્ડીનેટર પંકજભાઈ કટારા, તુષારભાઈ પટેલ સહિત શાળા સ્ટાફે શુભકામનાઓ પાઠવી હતી.

## જન્મદિને વધામણી



મોહમદકેફ મહમદઝાવેદ લુહાર
ડેમાઈ, તા.બાયડ



ધ્રુવિ પિયુષકુમાર પટેલ
દેસાઈપુરા, તા.બાયડ



જલય ભાવિકકુમાર ધોબી
(શ્રીજી સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



વિનોદભાઈ બી. પટેલ
(પત્રકાર : ગાંધીનગર સમાચાર)
આકરૂન્દ, તા.ધનસુરા



મહેશભાઈ પૂંજાભાઈ પટેલ
આંટીયાદેવ, તા.બાયડ



દાની કેવલકુમાર પંડ્યા
બાયડ, જિ.અરવલ્લી

# બાયડના કેતન બ્રહ્મભટ્ટની ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચા સંયોજકમાં નિયુક્તિ

## અરવલ્લી જિલ્લામાં ખુશાલી, બાયડના પ્રથમ યુવાનને પ્રદેશ સંગઠનમાં સ્થાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

રાષ્ટ્રવાદી પાર્ટી ભાજપમાં અદના કાર્યકરનું સન્માન થતું હોય છે. અનેક વર્ષો સુધી યુવા મોરચામાં યશસ્વી કામગીરી કરતા બાયડ તાલુકાના બોરલ ગામના કેતન ગીરીશભાઈ બ્રહ્મભટ્ટ(પૂર્વ સરપંચ)ની ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચા સોશ્યલ મીડીયા સંયોજક તરીકે નિયુક્તિ થતાં અરવલ્લી જિલ્લામાં ખુશાલી છવાઈ છે. બાયડના પ્રથમ યુવાનને પ્રદેશ સંગઠનમાં સ્થાન મળતાં બાયડ તાલુકાના ભાજપ યુવા કાર્યકરોએ તેમની નિયુક્તિને ફુલડે વધાવી છે.



ભાજપ દ્વારા યુવા ટીમને નેતૃત્વની વધુ ને વધુ તક આપવામાં આવી રહી છે. કેટલાક સંયમી યુવાનો તક ન મળે તો પણ નિરાશ થયા વગર પક્ષ માટે અવિરત કામ કરતા હોય છે. જિલ્લા ભાજપ યુવા મોરચા ત્યાર પછી જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા મહામંત્રી સહિત સંગઠન ક્ષેત્રે નેત્રદિપક કામગીરી કરનાર કેતન બ્રહ્મભટ્ટ ઉપર પ્રદેશ નેતાગીરીની નજર ટેકવાઈ હતી. ગત રોજ ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાની સંગઠન ટીમ જાહેર કરવામાં આવી છે જેમાં બ્રહ્મભટ્ટ સમાજના યુવાન કાર્યકરની નિયુક્તિ થતાં જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ સહિત સંગઠન હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રાંતિજ સહિત તાલુકામાં સૌભાગ્યવતી મહિલાઓ દ્વારા કેવડા ત્રીજનું વ્રત કરાયું

## કેવડા ત્રીજનું વ્રત સાથે નકોરો ઉપવાસ કરી પતિના આયુષ્ય માટે પ્રાર્થના કરે છેઃ શિવ મંદિરમાં જઇ કેવડો બીલપત્ર પુષ્પો અર્પણ કરી રાત્રીનું જાગરણ કરે છે

પ્રાંતિજ તા. ૯

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકા માં સૌભાગ્ય વતિ મહિલા ઓ દ્વારા પોતાના પતિ ના આયુષ્ય માટે કેવડાત્રીજનું વ્રત કરવામાં આવ્યું.

આજે ભાદરવા સુદ એટલે કેવડાત્રીજ આજના દિવસે સૌભાગ્ય વતિ સ્ત્રીઓ પોતાના પતિ ના લાંબા આયુષ્ય માટે આખો દિવસ નકરો ઉપવાસ કરી ભગવાન શિવજી ની પુજા અર્ચના કરી બીલીપત્ર પુષ્પો અને કેવડો ચડાવે છે દિવસ ભર માત્ર કેવડો સુગીને વ્રત કરે છે અને આખીરાત જાગરણ કરે છે જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકા માં આજે સૌભાગ્ય વતી મહિલા ઓ કેવડાત્રીજ નુ વ્રત કરી ભગવાન શિવજી આગળ પોતાના પતિના આયુષ્ય માટે પ્રાર્થના કરે છે માતા પાર્વતીજી એ



પણ ભગવાન શિવજી સાથે લગ્ન કરવા માટે પોતાની સખીઓ સાથે જંગલ માં જઈ શિવલીંગ બનાવી તેની પુજા કરી બીલી પત્ર પુષ્પ અને કેવડો ચડાવી દિવસ ભર ઉપવાસ કરી લગ્ન કરવા માટે ભગવાન શિવજીને પ્રસન્ન કરી લગ્ન નું વરદાન માગ્યું હતું મહિલાઓ આમતો ભગવાન શિવજીની પુજા નથી કરતી પણ આજના એક દિવસ માત્ર સૌભાગ્ય વતી સ્ત્રીઓને પુજા કરી શકે છે તેવું શાસ્ત્રો માં પણ જણાવ્યું છે જયાંરે પાર્વતીજી એ ભુલ થી ભગવાન શિવજી ને કેવડો ચડાવ્યો હતો એટલે ભગવાને પ્રેમથી સ્વીકાર પણ કર્યો હતો ત્યારે પ્રાંતિજ ખાતે સૌભાગ્ય વતી મહિલા ઓ દ્વારા તપોધન ફડી ખાતે આવેલ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર તથા ખોડીયાર કુવા ખાતે આવેલ ગણપતિ મંદિર સહિતના શિવ મંદિરોમાં ખાતે જઈને શિવજી ની પુજા અર્ચના કરી હતી.

# ગાંભોઈ અને રૂપાલ પંથકમાં ભારે ગાજવીજ સાથે અઢી ઈંચ વરસાદ

## અડધો કલાકમાં જ બે ઈંચ વરસાદ ખાબકતા ગાંભોઈ નેશનલ હાઈવેમાં પાણી ભરાયા





ગાંભોઈ, તા.૦૯

હિંમતનગરના ગ્રામ્ય પંથક ગાંભોઈ તેમજ રૂપાલ પંથકમાં આખા દિવસ દરમ્યાન ભારે ઉકળાટ અને બફારા બાદ સાંજના સુમારે સાડા સાત વાગ્યા દરમિયાન ભારે ગાજવીજ સાથે અડધા કલાકમાં બે ઈંચ વરસાદ ખાબક્યો હતો. રાત્રી દરમિયાન પડેલ ઝરમર વરસાદ સાથે કુલ અઢી ઈંચ વરસાદ પડ્યો હતો. ભારે વરસાદના કારણે ગાંભોઈ સહિત રૂપાલ, અડપોદરા, પેઢમાલા, હાથરોલ, બાવસર, નિકોડા, આગીયોલ, બેરણા, બામણા, ખેડ, હુંજ, ચાંદરણી વગેરે ગ્રામ્ય વિસ્તારોમાં મકાઈ, મગફળી, કપાસ અને બાગાયતી ઉભા પાકમાં ખેતરોમાં ઢીંચણ સમા પાણી ભરાઈ જવા પામ્યા હતા. હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે પર વરસાદી પાણીનો કોઈ નિકાલ ન હોવાથી ભારે વરસાદના કારણે ગાંભોઈ ગામે નેશનલ હાઈવે પર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. વરસાદી પાણીથી બસ સ્ટેશન વિસ્તારમાં હાઈવે પરના સર્વિસ માર્ગોપર ધોવાણ થતાંઠેરઠેર ગાબડા પડી જવાના કારણે વાહનચાલકો માટે માર્ગો જોખમી બન્યા છે.

### ગાંભોઈમાં હાઈવેના સર્વિસ માર્ગો પર ગાબડાં પડતા વાહન ચાલકો માટે જોખમી...

ગાંભોઈ ગામે પસાર થતાં નેશનલ હાઈવે માર્ગ પર હાલ ફલાય ઓવરબ્રિજ બાંધકામની કામગીરી ચાલી રહી છે. જેના કારણે ગાંભોઈ બસ સ્ટેશન વિસ્તારમાં હાઈવેની બંને બાજુ અપાયેલ ડાયવર્ઝન સર્વિસ માર્ગ પર તાજેતરમાં થયેલા ભારે વરસાદના કારણે સાઈડો ધોવાઈ જતાં તેમજ સર્વિસ માર્ગો પર ઠેર ઠેર મોટા ગાબડા પડી જવાથી હાઈવે પર પસાર થતા રોજના હજારો વાહનચાલકો માટે ડાયવર્ઝન સર્વિસ માર્ગો જોખમી બન્યા છે.

# મોડાસાની લઘુમતી સોસાયટીઓમાં વરસાદી પાણીનો ભરાવો, ગંદકીથી રહીશો ત્રાહીમામ

## ગટરલાઈન પાછળ લાખો ખર્ચાયા પરંતુ સોસાયટીઓમાં જળભરાવની સ્થિતિ

મોડાસા (બ્યુરો ઓફિસ) તા.૦૯

ચોમાસાના આરંભ સાથે જ મોડાસાની લઘુમતી સોસાયટીઓના રહીશોનું જીવન નર્કાગાર બની ગયું છે. સદાકત અને સહારા સહિતની સોસાયટીઓમાં વરસાદી પાણીનો ભરાવો થવાની સાથે રહેણાંક વિસ્તારોમાં પારાવાર ગંદકીથી પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. પાલિકા તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે લાખો રૂપિયાનું આંધણ કરવામાં આવ્યા હોવા છતાં લઘુમતી વિસ્તારોની સોસાયટીઓમાં ચોમાસા દરમ્યાન



જળભરાવની સ્થિતિના કારણે હાલાકી ઉભી થઈ છે.

જિલ્લાના પાટણનગર મોડાસાનો કુદકે ને ભૂસકે વિકાસ થઈ રહ્યો છે. સોસાયટી વિસ્તારોમાં પાયાની સુવિધા પાછળ લાખો રૂપિયાનો ખર્ચો કરાયા પછી પણ અનેક વિસ્તારો ચોમાસામાં બેટમાં ફેરવાઈ રહ્યાં છે. ખાસ કરીને મોડાસાની લઘુમતી સોસાયટીઓમાં વરસાદી પાણીનો યોગ્ય રીતે નિકાલ થતો નથી જેથી ચોમાસામાં અનેક મુશ્કેલીઓ ઉભી થતી હોય છે. સોસાયટીઓમાં પ્રવેશવું પણ મુશ્કેલ બની જાય તેવી હાલત વરસાદ પછી જોવા મળી રહી છે. જ્યારે વરસાદી પાણીનો ઠેર ઠેર ભરાવો થતાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. છેલ્લા કેટલાય સમયથી સ્થાનિક રહીશો દ્વારા ચૂંટાયેલા કોર્પોરેટરોને વરસાદી પાણીના નિકાલ મુદ્દે રજૂઆતો કરવા છતાં પરિણામ શૂન્ય બની જતાં પ્રજા અનેકવિધ સમસ્યાઓમાં ઘેરાઈ છે.

રક્તદાન મહાદાન



શ્રી એસ.વી.ટી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઉજળેશ્વર,ધનસુરા ખાતે આજ રોજ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકદિનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ કોલેજ કેમ્પસના ડાયરેક્ટર આકાશભાઈ ગોસ્વામી, **PGDCA** કોલેજના આચાર્ય ભૌમિકભાઈ કોઠારી, આચાર્ય ડૉ.ભાવેશભાઈ પાટીલ તથા સમીર વિકાસ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી એમ.કે. મિર્ઝા ઉપસ્થિત રહી એક દિવસની શિક્ષકની ભૂમિકા ભજવનાર વિદ્યાર્થીઓને તથા સમગ્ર આર્ટ્સ કોમર્સ ના સ્ટાફમિત્રો ને પ્રોત્સાહિત કરી અભિનંદન આપ્યા હતા.

# મેઘરજના અંતરિયાળ વિસ્તારમાં ડામર રોડ અને બ્રિજ મંજુર કરવા તજવીજ હાથ ધરાતાં ખુશાલી

મેઘરજ (બ્યુરો ઓફિસ) તા.૯

મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તાર માં હજુ પણ પાયાની સુવિધાઓમાં ઉણપ જોવા મળી રહી છે. ત્યારે મેઘરજ તાલુકા પંચાયતના ઉત્સાહી પ્રમુખ ભાવનાબેન લક્ષ્મણભાઈ ધમલાતની તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં વિકાસ માટે ની મહેનતની ખુબ પ્રશંશા થઈ રહી છે.મેઘરજના અંતરિયાળ વિસ્તારમાં આવેલા નાનીમોયડી પંથકને તાલુકા પ્રમુખ તરીકે પ્રથમ વાર પ્રતિનિધિત્ર કરવાનો મોકો મળતા ઉત્સાહી પ્રમુખે વિકાસ કર્યો કરવામાં વેગ આપ્યો હતો.



અને છેલ્લા કેટલાક વર્ષોથી મોટીમોયડી ઢેમડા ગામ વચ્ચે બ્રિજ બનાવવાની માંગ અધ્ધરતાલ રહી છે ત્યારે નવીન પ્રમુખ ભાવનાબેન લક્ષ્મણભાઈ ધમલાતએ રસ દાખવી નવા ડામર રોડ અને બ્રિજ જેવા પાયાના પ્રશ્નો હલ કરવા અને વહીવટી મંજુરી મેળવવા માટે પ્રયત્નો હાથ ધરી દીધા હતા.. અરવલ્લી સાબરકાંઠા સંસદ દીપસિંહ રાઠોડે પણ આ કામો મંજુર કરવા રાજય સરકાર માં ભલામણ કરી હોવાની જાણકારી મળી હતી.

અત્યાર સુધીમાં અંતરિયાળ વિસ્તારમાં લોકોને સારા રસ્તાઓની સુવિધા મળી રહે અને પ્રજાહિતના કર્યો થાય તે માટે મેઘરજ આર એન્ડ બી વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર રાજગોર જાણીતા બન્યા છે.તાલુકાના ડામર રોડ અને બ્રિજ માટે નાયબ કાર્યપાલક ઈજનેર રાજગોરએ જરૂરી ડોક્યુમેન્ટ ભેગા કરી ઝડપી કામો મંજુર થાય તેની માટે તજવીજ હાથ ધરી દીધી હતી.

# ઈડર શહેર બ્રાહ્મણ સમાજનું ગર્વ વધાર્યું

૫ મી સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ ટાઉનહોલ,હિંમતનગર ખાતે જિલ્લા અને તાલુકા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહ યોજાયો હતો.બ્રહ્મ સમાજના રાહુલ રમેશભાઈ સુરતી ને ઈડર તાલુકા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પ્રાપ્ત થતાં સમસ્ત બ્રહ્મ સમાજ ઈડર શહેરનું ગૌરવ વધારેલ છે. સમસ્ત બ્રહ્મ સમાજ ઈડરના પ્રમુખ,મંત્રી,હોદ્દેદારો, સમાજના આગેવાનો તેમજ ભાઈઓ -બહેનોએ બિરદાવ્યા હતા.



# ટોરડા હાઈસ્કૂલમાં શિક્ષણ દિનની ઉજવણી

ભિલોડા તાલુકામાં શ્રી ગોપાળાનંદ સ્વામી મહારાજની પાવન જન્મભૂમિમાં શિક્ષણ અને સંસ્કારોનું પોષણ આપતી શ્રી નવજીવન વિદ્યાલયમાં ૫મી સપ્ટેમ્બરે શિક્ષક દિન નિમિતે ૮/૯/૨૧ સાક્ષરતા દિનના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

